


## સલામી સવારની..

*શાંતિ ના ડાલ સરોવરમાં પથ્થરા નાખે છે,*
*મૈત્રીના માર્ગમાં આતંકીઓ પથ્થરા નાખે છે,*
*પથ્થરા નાખે, ઘરમાંથી ઘરના જ ફૂટેલા -*
*દેશના દ્રોહીઓ વિશ્વાસમાં પથ્થરા નાખે છે,*
*(દેશભક્તો છે યુવાનો - ફારુક)*

હાઈકુ

*વાતાવરણ*
*ડહોળે છે કાશ્મીરી -*
*અબ્દુલાઓ જ*
*(યુવાનો બેકાર છે)*

*સત્તા ખાતર -*
*નાખ્યો ખૂદનો હાથ,*
*છીપર નીચે...*
*(કાશ્મીરમાં ભાજપી સત્તા ભૂખ)*

### ચિંતન

*ધનિકઃ શ્રોત્રિયો રાજા નદી વૈદ્યસ્તુ પંચમ્ઃ ।*
*પંચ યત્ર ન વિધન્તે ન તત્ર દિવસં વસંત્ ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

જયાં કોઈ શેઠ, વેદપાઠી, વિદ્વાન, રાજા, વૈદ્ય અને કોઈ નદી ન હોય ત્યાં એક દિવસ પણ ન રહેવું.

જે દેશ, પ્રદેશ કે શહેરમાં - કોઈ ધનવાન વ્યક્તિ ન હોય, વિદ્વાન ન રહેતા હોય, રાજા કે સરકાર ન હોય, કોઈ વૈદ્ય ન હોય, કોઈ નદી ન હોય ત્યાં એક દિવસ પણ રહેવામાં ફાયદો નથી. જીવનમાં ધનવાન, વિદ્વાન, રાજા, વૈદ્ય અને જળાશયનું સૌથી વધુ મહત્ત્વ છે. સારી રીતે જીવવા માટે આ પાંચ મુદ્દા જરૂરી છે.

આપત્તિનાં સમયે ધનની, પ્રસંગે પરામર્શ કરવા વિદ્વાન વ્યક્તિની જરૂર હોય છે તો માણસને થતા રોગોના નિવારણ માટે સારા વૈદ્યની પણ જરૂર રહે છે. જગતની દરેક સંસ્કૃતિનો વિકાસ નદી કિનારે જ થયો છે. નદી કિનારે જ વેપાર-વાણિજ્યનો વિકાસ થયો છે.

### સુવિચાર

- જીંદગીમાં એટલી ઝડપે કયારેય ન ચાલવું કે તમારું ધ્યાન દોરવા કોઈને ઈંટનો ઘા કરવો પડે - **સ્પેનિશ કહેવત**
- જૂની વાતો ને જ્યાં સુધી ભૂલી જવામાં ન આવે ત્યાં સુધી નવી વાત માટે તક ઊભી થતી નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- પૈસાદાર એ માણસ છે જે સુખ ભોગવી શકતો નથી અને દુઃખ સહી શકતો નથી - **ચંદ્રકાન્ત બક્ષી**
- વાંદરાઓ ને ખરેખર પોતાનું પૂછ્યું પ્રિય આભૂષણ લાગતું હોય છે - **રામાયણ**
- જેનો હિસાબ પાક છે તેનો હિસાબ લેનારની શું ધાક છે ? - **અખંડ આનંદ**
- સાપ કરડવાનો ફાયદો એ છે કે પથી કીડીના ચટકાનો ભય રહેતો નથી - **સુદાનની કહેવત**
- આજનું ઔષધ : બાળકોને દાંત આવતા હોય ત્યારે લીંડી પીપરને મધમાં મેળવી પેઢાં પર લગાવવાથી દાંત આવવાનું સરળ રહે છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ભગત અને જગત બેનો કયારેય મેળ મળતો નથી. મહાન ફકીર મન્સૂરને ફાંસીની સજા થઈ. ફકીર મન્સૂર ફાંસીનાં ઊંચા માચડા તરફ ખડખડાટ હસતા હસતા આગળ વધી રહ્યો હતો. એકબાજુ મન્સૂરના વિરોધીઓ મન્સૂર વિરુદ્ધ પોકારો કરતા હતા. અપશબ્દો બોલતા હતા, પથ્થર મારતા હતા. પણ મન્સૂરનો તો એક જ પ્રતિસાદ - મોજીલું ખડખડાટ હાસ્ત. ફાંસી આપનાર જલ્લાદને પણ આશ્ચર્ય થયું, એણે મન્સૂરને પુછ્યું, 'અરે ભાઈ, આટલું ખડખડાટ હસે છે શા માટે ? મોત સામે ઊભું છે અને તું પાગલની જેમ હસ્યે જાય છે.' ત્યારે મન્સૂરે જલ્લાદ ને કહ્યું, 'પ્યારા જલ્લાદ, તને ખબરં છે? આજે મારો વિજય થયો છે. મેં આખી જિંદગી જે લોકોને ઊંચે જોવાનું કહ્યું, આજ ફાંસીને લટકતા મન્સૂરને જોવા માટે એમને કેટલું ઊંચે જોવું પડશે?'

મન્સૂરનું આ કથન જલ્લાને સમજાયું નહિ, પણ ન્સૂર આ જીવનમાં તથા કથનમાં ઊંડો મર્મ છુપાયેલ હતો જે આખા નગરમાં કોઈને સમજાયો નહોતો.


# અસ્મિતા પર્વ : કલાસાહિત્યનું મોરપિચ્છ

ગુજરાતી સાહિત્યના ઈતિહાસની એક યાદગાર ઘટના સમુ 'અસ્મિતા પર્વ' છેલ્લા ઘણાં વર્ષોથી નિયમિતપણે રામનવમી અને હનુમાનજયંદી વચ્ચેના દિવસો દરમિયાન પ્રસિદ્ધ રામાયણી મોરારિ બાપુની નિશ્રામાં મહુવા અને તલગાજરડા ખાતે યોજાયું રહે છે. એમાં દુનિયાભરના વિદ્વાનો અને કલાકારો ઊલટભેર હાજરી આપે છે અને ઘણાં નામાંકિત કલાકારોનું હનુમંત એવોર્ડ તથા નટરાજ એવોર્ડ જેવા વિશેષ પારિતોષિકો દ્વારા અભિવાદન થાય છે. આ પ્રસંગે નરસિંહ મહેતા કવિતા એવોર્ડની પણ જાહેરાત થતી હોય છે. આ પર્વ શુદ્ધ કલા-સાહિત્યને સમર્પિત સંસ્કાર પર્વ તરીકે ગુજરાતી સાહિત્ય જગતમાં ખ્યાતિ પામ્યું છે. સાહિત્ય પદાર્થના તત્વ અને સત્વની ઊંડી મીમાંસાના આ પર્વ દરમિયાન એના મુખ્ય કર્ણધાર મોરારિ બાપુ શ્રોતાની ભૂમિકામાં સળંગ ત્રણ દિવસ સુધી હાજરી આપે છે અને તજજ્ઞોનાં વ્યાખ્યાનો ધ્યાનપૂર્વક સાંભળી દાદ આપતા રહે છે. વચ્ચે વચ્ચે કાવ્યસત્ર પણ યોજાતાં રહે છે અને દરરોજ સાંજે તલગાજરડા ખાતે ચિત્રકૂટ ધામમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ જામે છે. બાપુ, એમાં પણ સળંગ હાજરી આપે છે. વળી ત્યાં મોરારિ બાપુનો આખો પરિવાર પણ ઉપસ્થિત રહે છે. ગામ આખું ઓલે ઝોલે હોય છે. આવડી મોટી વૈશ્વિક પ્રતિભા ગામમાં જ વસે તે કોઈ નાની સૂની બાબત નથી. બાપુનું મૂળ ઘર પણ હેરિટેજ આઈટમની જેમ સાચવી લેવાયું છે. વળી ગામના જે રામજી મંદિરના પ્રાંગણમાં એમના દાદાજી રામકથા કરતા તથા ખુદ બાપુએ જયાં અગિયાર શ્રોતાઓ સમક્ષ પહેલવહેલી રામકથા કરી હતી તે મંદિરને પણ બાપુના મૌલિક ચિંતનનો લાભ સાંપડ્યો છે. બાપુ વારંવાર શસ્ત્રના વિકલ્પે શાસ્ત્રનો પક્ષ લેતા પણ રહ્યા છે એથી એમના રામ ધનુષ્યબાણ લઈને ફરે તે એમને મંજૂર નથી. એમને રામજી મંદિરની પુનઃપ્રતિષ્ઠિત મૂર્તિના હાથમાં કમળ પધરાવ્યું છે તો વળી ચિત્રકૂટ ધામ ખાતે હનુમાનજીની જે મૂર્તિ સ્થાપિત કરી છે એને દ્રોણગીરી ઊંચકી લાવતા હરક્યુલિસ જેવી તાકાત વાળા અને ગદા વીંઝતા હનુમાનને બદલે ધ્યાનસ્થ મુદ્રામાં પદ્માસન વાળીને બેઠેલા હનુમાનજી સ્વરુપે રજૂ કરેલ છે. હનુમાન કલાવિદ્ છે, સંગીતજ્ઞ છે. એટલે ગદાની જગ્યાએ મોરારિ બાપુએ વીણા મૂકી દીધી. આવા વીણાવાદક હનુમાન કોને ન ગમે ? બાપુએ એમની રામકથામાં હવે 'જય' બોલવવાનું બંદ કર્યું છે. 'સિયાવર રામચંદ્રકી જય'ને બદલે તેઓ 'સિયાવર રામચંદ્ર પ્રિય હો' કહેવા લાગ્યા છે. સત્ય, પ્રેમ અને કરુણાની અહાલેક સાહિત્યકક્ષા ક્ષેત્રમાં પણ જાગે એ તો કેવ સુભગ! ગુજરાતી સાહિત્યકારોમાં પ્રવર્તતી કહેવાતી જૂથબંધી અસ્મિતાપર્વને આભડી નથી. અહીં કોઈ નાનું નથી, કોઈ મોટું નથી. તજજ્ઞ વક્તા એને અપાયેલ વિષયની પૂરી તૈયારી સાથે આવે છે. મંચ પરથી તેઓ વિસ્તૃત છતાં સંતુલિત પરિચય અપાય. વકતવ્યોનું પ્રસારણ થાય અને ધ્વનિમુદ્રણ પરથી સંપાદકો થાય. અસ્મિતા પર્વનાં આવાં વ્યાખ્યાનોનાં ગ્રંથસ્થ થયેલ સંપાદકો ગુજરાતી સાહિત્યનું નમણું નજરાણું છે. અસ્મિતા પર્વના અંતિમ દિવસે હનુમાન જયંતી નિમિત્તે વિશિષ્ટ પ્રતિભાઓને એનાયત થતા એવોર્ડના ભવ્ય કાર્યક્રમને અંતે મોરારિ બાપુનું પ્રવચન એ અસ્મિતા પર્વનું મોરપિચ્છ બની રહે છે. આ પ્રકારની કલા-સાહિત્યની પ્રવૃત્તિ અને તે પણ એ ધર્માધ્યક્ષની ઉપસ્થિતિમાં તથા એમની પ્રેરણાથી - તે ગુજરાતની અસ્મિતાનું એક અભિનય પ્રકરણ છે. મોરારિ બાપુ અસ્મિતા પર્વ ઉપરાંત સંસ્કૃતિ પર્વ અને સદ્ભાવના પર્વ તથા તુલસી જયંતી જેવા આયોજનો પણ કરતો રહે છે.

તંત્રીસ્થાનેથી...

# રેનેસાં પછી પૂર્વ અને પશ્ચિમી કેળવણીના બે પયંગબરોના સમાન વિચારો

## ચિંતક રૂસો અને ગાંધીની કેળવણી વિષયક સમજણ




યુરોપમાં નવજાગૃતિ કાળ (રેનેસાં)નો સમય શરૂ થયો ત્યારે વસ્તુશૂન્ય તાર્કિક જ્ઞાન અને બૌદ્ધિક ગણાવાતાં શિક્ષણ સામે વિરોધ પેદા થયો. જોન લોક, બેક, મોન્ટેન સહીત અનેક ફિલસૂફોએ કુદરત અને વાસ્તવિક જગતને નજરઅંદાજ કરીને અપાતા શુષ્ક શિક્ષણ સામે વિરોધ ઉઠ્યો. અલબત્ત વિજ્ઞાન અને ફિલોસોફીના ક્ષેત્રમાં બળવાની સ્થિતિ ઘણી વહેલી આવી હતી. તેની સરખામણીએ શિક્ષણમાં ઘણી મોટી આવી. પરંતુ વૈજ્ઞાનિક જ્ઞાન માટે સાથે જોડવામાં ઘણી ઝડપ આવી હતી. શાળાને અને શિક્ષણ લેતા બાળકને જીવનના સાંનિધ્યમાં લાવવાનું, જીવનના જુદા જુદા ભાગોને એકબીજાના તાલમેલમાં લાવવાનું ગ્રીસ અને રોમના ફિલોસોફર્સને સૂઝ્યું ન હતું. રેબેલી, મોન્ટેન અને લ્યૂથરે પરંપરાગત વિચારસરણી સાથે જડાયેલી શિક્ષણ વ્યવસ્થા સામે વિરોધ ઉઠાવ્યો હતો.

પશ્ચિમમાં એક કે એકથી વધારે ચળવળકારોએ શિક્ષણની જડ પદ્ધતિ સામે અવાજ ઉઠાવ્યો હતો. ત્યારે ગાંધીજીએ કેળવણીની ચીલાચાલુ પદ્ધતિને બદલી નાંખવાનો અમલ કરીને શરુઆત કરી હતી. ગાંધીજી તો સમૂહજીવનને જ શ્રેષ્ણ ગણતા હતા એટલે 'એકલો જાને રે'માં જોડાઈને તેઓ શિક્ષણમાં પરિવર્તન લાવવા ઈચ્છતા હતા એવું ન હતું પણ આ તો તેમનો વ્યક્તિગત પ્રયોગ હતો. પ્રયોગવીર ગાંધી અમલ અને અખતરા વિના કેમ બીજાને આગળ ધપવા કે સાથે જોડાવા કહી શકે એટલે ગાંધીએ પશ્ચિમના જે ચિંતકો શિક્ષણ-કેળવણીની એક જૂની પુરાણી ઢાંચાઢાળ પદ્ધતિનો વિરોધ કરીને પુર્નજાગૃતિમાં ઝપલાવતા હતા ત્યારે શરુઆતે દક્ષિણ આફ્રિકા અને પછી ભારતમાં ગાંધીજી પણ આ જ રીતે શિક્ષણમાં પરિવર્તન લાવવામાં પ્રયત્નશીલ બન્યા હતા.

યુરોપમાં બાલ્યાવસ્થાના મૂલ્યની સાચી પરખ કરનાર તથા આ વાતનો સ્વીકાર કરાવનાર રૂસો કદાચ સૌથી પહેલા કેળવણીકાર હશે. રૂસોએ શિક્ષણ શા માટે રસ અને પ્રવૃત્તિના પાયા પર નિર્ભર હોવું જોઈએ એની સરળ સમજૂતી આપી હતી. તેઓ કહેતા માનવીની જૂદી જૂદી શક્તિઓ એક જ વૃત્તિથી ઉત્તેજિત થાય છે. પોતાની શક્તિઓને માટે માર્ગ શોધતી પ્રવૃત્તિ પછી જ્ઞાન શોધનારી માનસિક પ્રવૃત્તિ ઉદ્ભવે છે. રૂસોએ તો બાળકો માટે એક સરસ મળતું વાક્ય કહીને આખી વાત સાવ, જ સરળતાથી સમજાવી હતી. તેમણે કહ્યું હતું, 'બાળકો પહેલાં ચંચળ હોય છે અને પછી તેઓ કુતૂહલવાળાં બને છે.' ગાંધીજીએ કેળવણી વિશે અવાજ ઉઠાવનાર તત્ત્વચિંતક રૂસોના જેવી જ વાત કરી છે એ જોવા જેવી છે.

રૂસોની વિચારમાં થોડા શબ્દફેર - વાક્યફેર સાથે ગાંધી કહેતા કે છોકરાઓ તથા છોકરીઓનો ઉત્તમ અંશ બહાર કાઢવા માટે તથા તેમના શિક્ષણ માટે તેમનામાં સાચો રસ પેદા કરવા માટે કવાયત, હસ્ત ઉદ્યોગ, ચિત્રકામ તથા સંગીત સાથે સાથે ચાલવા જોઈએ.

આમ, રૂસો અને ગાંધી કેળવણીમાં આમૂલ ફેરફાર વિશે આવી રીતે વ્યક્ત થાય છે. બંનેના વિચારમાં સમાનતા જોવા મળે છે. ગાંધીજીએ રૂસોના કેળવણી અંગેના તેમના પુસ્તક 'એપ્રિલ' વાંચ્યુ હોય એ વાત તો બાજુએ રહી પણ આવા પુસ્તક પ્રકાશનની માહિતી સુધ્ધાં તેમની પાસે ન હતી.

પ્રવૃત્તિ દ્વારા કેળવણીનાં પશ્ચિમનાં પયંગબર રૂસો હતો એમ જો વૈશ્વિક કક્ષાએ થયેલી વાત સ્વીકારીએ તો ગાંધીજીને કેળવણીના પૂર્વના પયગંબર તરીકે ગણાવી શકાય. ગાંધીજીએ તો રૂસોની વાત-વિચારમાં જે બાબત અસ્પષ્ટ હતી તેને અમલીકરણ સાથે પણ કેળવણી પ્રયોગમાં સિદ્ધ કરી બતાવી હતી.

*(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)*

# સાંયા તુંજ બડો ધણી ! તુજસો બડો ન કોઈ



રામનવમીના પવિત્ર દિવસે કરુણાનિધાન ભગવાન શ્રી રામચન્દ્રની યશોગાથાનું ફરી ફરી ગાન થયા કરે છે. રામાયણ કે રામચરિતમાનસ આપણાં એવા મહાગ્રંથ છે કે તેમનું આકર્ષણ જનસામાન્યને કદી ઓછું થયું નથી. રામાયણ તથા ભાગવતની કથાઓ કહેવાતી રહે છે. અનેક સમર્થ કથાકારો આવી કથાની સાથેજ સારા વિચારો તેમજ ઉમદા મૂલ્યોની વાવણી જનસમુહના વિચારોમાં કરવા યથાશક્તિ પ્રયાસો કરતા રહે છે. વ્યક્તિગત રીતે સમાજના અનેક નાગરિકો તેમની ગ્રહણ કરવાની શક્તિ મુજબ લાભાન્વીત પણ થતા રહે છે. આ રીતે ભક્ત કવિ ઈસરદાસજીની પવિત્ર વાણીનો પ્રવાહ 'હરિરસ' નામના ગ્રંથના માધ્યમથી વહેતો રહેલો છે. સંત કવિની રચનાઓ તો અનેક છે. દરેક રચનાને પોતાનું અલગ ભાવવિશ્વ છે. પરંતુ હરિરસ તેમજ જગદંબાની કૃપા પામવા માટેનો ગ્રંથ 'દેવીયાંણ' એ વિશેષ પ્રચલિત તથા લોકાદર પામેલા મૂલ્યાવન ગ્રંથ છે. 'હરિરસ' તથા 'દેવીયાંણ' ના આવા અનેરા મૂલ્યને વિશેષ સ્પષ્ટ કરવા માટે લીંબડી રાજ્યકવિ શંકરદાનજી દેથાએ સરળ તથા અર્થપૂર્ણ પંક્તિઓ લખી છે.

વાંચો શ્રીમદ્ ભાગવત
મોટો ગ્રંથ મહાન
કે આ હરિરસ નીત પઢો
શુભ ફળદાયી સમાન.
વાંચો દુર્ગા શપ્ત સતી
યા વાંચો દેવીયાંણ
શ્રોતા — પાઠીકો પરમ
સુખપ્રદ ઉભય સમાન.

હરિરસ કાવ્યની રચના કર્યા પછી ભક્ત કવિ ઈસરદાનજીએ આ કાવ્ય દ્વારકાધીશને અર્પણ કર્યાની માન્યતા છે. ઉપરોક્ત માન્યતા વ્યાપક રીતે સ્વીકૃત થયેલી છે. "ગુજરાત ઈતિહાસ પરિષદ" ના દ્વારકામાં યોજવામાં આવેલા છઠ્ઠા અધિવેશનમાં (૧૯૭૧) પરિષદની સ્વાગત સમિતિ તરફથી એક ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો હતો. આ ગ્રંથ વિદ્વત જન શ્રી પુષ્કરભાઈ ગોકાણીએ દ્વારકા મંદિરનો સંક્ષિપ્ત ઈતિહાસ લખીને પ્રગટ કરેલો હતો. પ્રસ્તુત ગ્રંથમાં સંશોધનના આધારે નોંધાયું છે કે ઈ. સ. ૧૫૪૦ ના અરસામાં કવિ ઈસર બારોટે હરિરસ ગ્રંથ દ્વારકાનાથના મંદિરમાં સંભળાવીને શ્રીને અર્પણકર્યો. ઓખામંડળ પર લખવામાં આવેલા અન્ય ગ્રંથોમાં પણ તેનો ઉલ્લેખ છે. અલબત્ત, ચોક્કસ સમય કાળ બાબતમાં તેમાં ભિન્ન મંતવ્ય છે જે આવા ઐતિહાસિક પ્રસંગોમાં મહદ્ અંશે જોવા મળતા હોય છે.

હરિરસનો જ્ઞાન વૈભવ પરમ પવિત્ર ગ્રંથ શ્રીમદ્ ભાગવત જોડાજોડ મૂકી શકાય તેવો છે. મહાભારતના ભીષણ સંગ્રામમાંથી જેમ ભગવતગીતાની ઉત્પતિ સમગ્ર માનવજાતિના કલ્યાણ માટે થઈ તેજ રીતે ભક્ત શિરોમણી ઈસરદાસજીના આધ્યાત્મ ઉન્નતિ પ્રવાસ પથ પર હરિરસનું નિર્માણ લોક કલ્યાણ માટે થયું હોય તેમ જણાય છે. પરમ તત્વની ઉપાસનાનું આટલું અસરકારક અને સચોટ નિરૂપણ ઈસરદાસજી જેવા મહામાનવ જ કરી શકે. આચાર્ય બદ્રીપ્રસાદ સાકરીયાએ લખેલી એ વાત નિર્વિવાદ છે કે હિન્દી સાહિત્યમાં જે સ્થાન ગોસ્વામી તુલસીદાસ કે કૃષ્ણભક્ત સુરદાસનું છે તેવુંજ સ્થાન સૌરાષ્ટ્ર-સિંધ-કચ્છ-થરપારકરના સાહિત્યમાં ઈસરદાસજીનું છે. 'ઈસરા પરમેસરા' તરીકેની તેમની ઓળખ તેમણે સર કરેલા અદ્યાત્મના ઉચ્ચ શીખરોને કારણેજ પ્રસ્થાપિત થયેલી છે. મહાત્મા ઈસરદાસજીએ હરિરસ ઉપરાંત વિપુલ સાહિત્યનું સર્જન તેમના જીવનકાળ દરમ્યાન કર્યું. તેમનું સાહિત્ય ગુજરાત તથા રાજસ્થાનની સહિયારી સંપત્તિ છે. હરિરસ ઉપરાંત માતૃ ઉપાસનાનો અમૂલ્ય ગ્રંથ 'દેવીયાણ' આજે પણ પ્રચલિત છે અને વ્યક્તિગત તથા સામૂહિક પ્રાર્થનામાં તેનો બહોળો ઉપયોગ થાય છે. મધ્યકાલિન યુગમાં જ્ઞાન, વૈરાગ્ય અને સંસ્કારના ફેલાવા માટે વિવિધ પ્રદેશોમાં થયેલા સંત-ભક્તોએ ખૂબજ મહત્વનો ફાળો આપ્યો છે. લોકો સમજી શકે તેવી સરળ ભાષા અને શૈલીમાં તેમણે સચોટ ઉદાહરણો સાથે વેદો અને ઉપનિષદોમાં પ્રબોધેલું જ્ઞાન લોકો સુધી પહોચતું કર્યું. મેઘાણીભાઈના મત મુજબ આપણાં આ સંતકવિઓ, ભક્તકવિઓએ શ્લોક તથા લોક વચ્ચેનું અસરકારક અનુસંધાન કરેલું છે. રામાયણ કે મહાભારત જેવા આપણા મૂલ્યવાન ગ્રંથોમાં ગ્રંથસ્થ થયેલી વાતો તેમજ તેનું વિચારતત્વ આપણાં સંતકવિઓના માધ્યમને કારણેજ મુખ્યત્વે લોક સુધી પહોચ્યું. આ બધા ભક્તકવિઓએ સંસારમાં રહીને તથા લોકો વચ્ચે ઉજળા જીવન જીવીને સહજ રીતે તથા સરળ ભાષામાં જ્ઞાનનો પ્રવાહ લોક સુધી પહોંચાડ્યો. સંતકવિઓનું સમાજને આ સૌથી મોટું તથા મહત્વનું પ્રદાન છે. આવા લોકકવિઓને મેઘાણીભાઈ "પચેલા આત્મજ્ઞાનના ઓડકાર ખાનારા" કહેતા તે ખૂબ યથાર્થ છે. ઈસરદાસ હોય કે સુરદાસ હોય — તેમની શબદવાણી ગંગાના પ્રવાહ જેવી નિર્મળ તથા પાવક છે.




લીંબડી રાજ્યકવિ તથા વિદ્વતાના શિખર સમાન કવિરાજ શંકરદાનજી દેથાના આપણે ઋણી છીએ કે તેમણે લગભગ નવ દાયકા પહેલાં હરિરસનું સંપાદન ટાંચા સાધનો હોવા છતાં ઉત્તમ પ્રકારે કર્યું. ભાવનગરના વિચક્ષણ દિવાન તથા સૂર્ય-સમાન યશ અને કીર્તિ પ્રાપ્ત કરનાર સર પ્રભાશંકર પટ્ટણીએ તે સમયે હરિરસ માટે અમૂલ્ય શબ્દચિત્ર આલેખ્યું છે.

"જેઓ કવિનું દર્શન કેવું હોય તે જાણે છે તેઓ ઈસરદાસજીના દર્શનમાં માનશેજ. ઈસરદાસજીનું મુખ્ય લક્ષણ તેમની શ્રધ્ધા છે. શ્રધ્ધાથીજ તેઓ આટલું મોટું પદ મેળવી શકેલા. શ્રધ્ધાને એક વિદ્વાને અંતઃકરણની આંખ કહી છે. જે વાત બુધ્ધિ ન સમજી શકે તે વાત હદય તરત સમજે છે. તેનું કારણ હદયમાં રહેલ શ્રધ્ધા છે. એ શ્રધ્ધા જેનામાં હોય તેઓ સર્વ ઈસરદાસજીને વધારે સારી રીતે સમજી શકશે..... શ્રધ્ધાથી આ પુસ્તક (હરિરસ) વાંચનારને નવી દ્રષ્ટિ, નવું બળ તથા નવું ચેતન મળ્યા વિના રહેશે નહિ. (ડીસેમ્બર-૧૯૨૮)

પૂજ્ય આઈ શ્રી સોનબાઈ મા ને ભક્તકવિઓના સાહિત્ય તરફ એક વિશિષ્ટ લગાવ હતો. "ચારણ" દ્વિમાસિકમાં એપ્રિલ-૧૯૫૫ના અંકમાં માતાજીના હરિરસ ગ્રંથ માટેના ઉદગારો નોંધવામાં આવેલા છે. માતાજી લખે છે : (બધા સંત સાહિત્યમાં) "ઈસરદાસજીની ભાત નોખી છે. ભક્તિ મહાસાગરના બહોળા પાણી એમણે નાનકડી ગાગરમાં ભર્યા છે. એમનું તત્વજ્ઞાન ભક્તિના રંગમાં રંગાયેલું છે. હરિરસ ભાગવતનું તત્વ છે અને સાચું રસાયણ છે. હરિરસને પચાવવાથી જન્મ-મરણના ફેરા ટળે છે." હરિરસ — દેવીયાંણ જેવા ગ્રંથો આપણાં સંત સાહિત્યના ભવ્ય તથા ઉદ્દાત શિખર સમાન છે.

# સાહિત્યસભામાં સાહિત્યસર્જકોની કૃતિઓનું સ્વમુખે પઠન




ગાંધીનગર સાહિત્યસભા દ્વારા, મા ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને હરદમ ધડકતું એન ધબકતું રાખી, મધમધતું અને મહેંકતું રાખતા; અવારનવાર સાહિત્યિક કાર્યક્રમો યોજવામાં આવે છે તથા દર માસના બીજા રવિવારે સાહિત્યકસભા સભા તા. ૯-૪-૨૦૧૭ને રવિવારના રોજ સાંજના ૫.૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે મળશે. જેમાં સાહિત્યકારો પોતાની - સ્વરચિત કૃતિઓ - કવિતા, ગીત-ગઝલ કે લઘુકથા રજૂ કરી, તેનું સ્વમુખે પઠન કરી શકશે. તો આ સાહિત્યિક મહેફિલમાં અચૂક પધારવા નગરના પ્રબુદ્ધ મહાનુભાવો સાહિત્યકારો, સાહિત્ય રસિકો - ભાવકો અને સાહિત્યસભાના સર્વે સભ્યોને હાર્દિક જાહેર નિમંત્રણ છે.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા દર વર્ષે સાહિત્યના વિવિધ ક્ષેત્રે થતા સર્જનને વિશેષ પારિતોષિકથી નવાજમાં આવે છે. આ વર્ષે આ પુરસ્કારો માટે નીચે મુજબના ગુજરાતી સાહિત્યકારોની પસંદગી કરવામાં આવી છે. (૧) ગોવર્ધનરામ નવલકથા પારિતોષિક - ધીરેન્દ્ર મહેતા (૨) મલયાનીલ વાર્તા પારિતોષિક - ડૉ. મોહન પરમાર (૩) 'સુંદરમ્' કાવ્ય પારિતોષિક - રાજેન્દ્ર શુક્લ (૪) અસાઈત ઠાકર નાટ્ય પારિતોષિક - સૌમ્ય જોષી (૫) સુરેશ જોષી નિબંધ પારિતોષિક - મણિલાલ હ. પટેલ (૬) વિષ્ણુ પ્રસાદ ત્રિવેદી સમીક્ષા પારિતોષિક - સુમન શાહ (૭) ગીજુભાઈ બાળસાહિત્ય પારિતોષિક - યશવંત મહેતા આ સર્વે સાહિત્યકારોને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભેચ્છાઓ.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને આગમ પ્રભાકર મુનિ પુણ્ય વિજયજી ચંદ્રક સમિતિના સંયુક્ત ઉપક્રમે, આચાર્ય વિજયશીલ ચંદ્રસૂરશ્વરજીની નિશ્રામાં; 'આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજી ચંદ્રક' પ્રાચીન લિપિઓ, ઈતિહાસ અને સંશોધનના તજજ્ઞ ડૉ. ભારતીબેન શેલતને તા. ૨૬-૩-૨૦૧૭ના રોજ અર્પણ કરવામાં આવ્યો.

●

સુ. શ્રી કાલિન્દી પરીખને તેમની ચોથી નવલકથા 'અપરિચિતા' માટે 'સ્વ. નાનાભાઈ હ. જેલબિયા-૨૦૧૬ પુરસ્કાર' વિદ્યાગુરુ ફાઉન્ડેશન, અમદાવાદ અને સાવરકુંડલા તરફથી એનાયત કરવામાં આવ્યો. આ પૂર્વે આ 'અપરિચિતા' નવલકથાને એની સરૈયા પુરસ્કાર-ગુજરાતી સાહિત્ય પરિષદનો પ્રાપ્ત થયેલ છે. તેમની દ્વિતીય નવલકથા 'અંતર્દાહ' ને ઈશ્વર પેટલીકર પ્રથમ પુરસ્કાર અને 'વેદોમાં પર્યાવરણ' ને સંશોધન માટેનો ગુજરાતી સંસ્કૃત સાહિત્ય અકાદમીનો એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે. તેમના કુલ-૨૨ પુસ્તકો પ્રકાશિત થયાં છે જેમાં ચાર નવલકથાઓ - યજ્ઞશેષ, અંતર્દાહ, ગીરમંગલ અને અપરિચિતા છે.

● સરકારમાં અધિક સચિવપદે સેવા બજાવતા અને ગાંધીનગરનાં ખ્યાતનામ બાળકસાહિત્યકાર શ્રીમતી કીર્તિદા વિજય બ્રહ્મભટ્ટના બાળકાવ્ય સંગ્રહ 'પાંચીકડા' ને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા બાળકાવ્ય વિભાગમાં વર્ષ-૨૦૦૫ના શ્રેષ્ઠ પુસ્તકનું પારિતોષિક જાહેર કરવામાં આવ્યું છે. તેમના છ બાળકાવ્ય સંગ્રહો - પ્રકાશિત થયા છે તેમાં પાંચને ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા શ્રેષ્ઠ બાળકાવ્ય સંગ્રહ તરીકે સન્માનવામાં આવ્યા છે.

● વાંકાનેરના જાણીતા કવિ શૈલેન રાવલના દ્વિતીય ગઝલ સંગ્રહ 'એ વાત છે અલગ'નું વિમોચન, વાંકાનેરના રૂપાણી આડિટોરિયમમાં ઈશ્વરભાઈ દોશીના મુખ્ય મહેમાનપદે અને કવિ શૈલેષ ટેવાણીના અતિથિ વિશેષ પદે, કવિના પૌત્ર વિશેષ અને પૌત્રી નિર્જરાના હસ્તે કરવામાં આવ્યુંહતું. વિમોચનબાદ કવિ સંમેલન ભરાયું હતું, જેમાં રાકેશ હાંસલિયા, કવિ સંમેલન લક્ષ્મી ડોબરિયા, નટવર આહલપરા, ડૉ. શૈલેષ ટેવાણી, આર.એસ. દૂધરેજિયા, જગદીશ ઉપાધ્યાય, અને શૈલેષ્ન રાવલે કાવ્યપઠન કર્યું હતું. વિમોચનસભાનું સંચાલન કવિ જગદીશ ઉપાધ્યયે અને કવિસંમેલનનું સંચાલન ડૉ. પ્રદીપ રાવલે કર્યું હતું.

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ ગુજરાત, સોશિયલ વેલફેર ગુજરાત રાજયદ્વારા અલગઅલગ ક્ષેત્રોમાં વિશેષ યોગદાન આપનાર યુવા પ્રતિભાઓને કરાય છે. જેમાં હાસ્ય કલાકાર સાંઈરામ દવેને, મહામહિમ રાજયપાલ ડૉ. ઓ.પી. કોહલી દ્વારા 'ગ્લોરી ઑફ ગુજરાત એવોર્ડ' થી રાજભવન, ગાંધીનગર ખાતે સન્માનિત કરાયા.

● શામળદાસ કૉલેજ, ભાવનગર ખાતે ડૉ. વિશ્વનાથ પટેલ સંપાદિત પુસ્તક 'આધુનિકોત્તર ગુજરાતી ટૂંકી વાર્તા (વિવેચન)' નો વિમોચન અને લોકાર્પણનો કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં એકદિવસીય જ્ઞાનસત્રમાં સ્વ. સી.ડી. નાયક, દિનકર જોશી અને સ્વ. સનત મહેતાની સ્મૃતિમાં, સર્વ ચંદ્રકાન્ત ટોપીવાલા (દીર્ઘકવિતા), સતીશ વ્યાસ (લાભશંકર ઠાકરકૃત - 'મનસુખલાલ મજીઠિયા' અને કિરીટ દૂધાતે (આધુનિકોત્તર ગુજરાતી ટૂંકીવાર્તાઓ) વિશે વ્યાખ્યાનો આપ્યા હતા.

● સાહિત્ય અકાદમી, નવી દિલ્હી અને જવાહરલાલ નહેરુ રાજકીય વિદ્યાલય, પોર્ટબ્લેયર - આંદામાન - નિકોબારના સંયુક્ત ઉપક્રમે 'ભારત મેંજનજાતીય સાહિત્ય કી અભિવ્યક્તિયાં' વિશે સંગોષ્ઠિ યોજાઈ ગઈ; જેમાં ગુજરાતના આદિવાસી લોકસાહિત્યના તજજ્ઞ ડૉ. ભગવાનદાસ પટેલે 'વાચિક પરંપરા : દેશ જ જ્ઞાન વ્યવસ્થા કા આધાર' વિશેની બેઠકમાં અધ્યક્ષ પદેથી અનુસૂચિત જનજાતિના વાચિક પરંપરાના સાહિત્યની અભ્યાસપૂર્ણ ચર્ચા કરી હતી.

● ગુજરાત ઉર્દૂ સાહિત્ય અકાદમી દ્વારા, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે 'આધુનિક ઉર્દૂવાર્તા : વિષય, શૈલી અને ટેકનિક' વિષય પર બે દિવસીય સેમિનાર યોજાઈ ગયો, જેમાં વિવિધ યુનિવર્સિટીઓના પ્રોફેસરો અને સાહિત્યકારોએ ભાગ લીધો હતો. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાના અધ્યક્ષ સ્થાને, મુખ્ય મહેમાન તરીકે ડૉ. ચીનુ મોદીએ પરિસંવાદનું ઉદ્ઘાટન કરીને, ચાવીરુપ વકતવ્ય આપ્યું હતું, પ્રો. મોહિયુદીન બોમ્બેવાલા દ્વારા આધુનિક ઉર્દૂવાર્તા વિશે ચિતાર રજૂ કરાયો હતો. આ પ્રસંગે પ્રો. નિસાર, અહેમદ અન્સારી દ્વારા તૈયાર કરાયેલ આર.બી. જોટેના 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ-ભાગ-૧-૨ના ઉર્દૂ ભાષાનાર તમદુની તવારીખે ગુજરાતનું વિમોચન કરાયું હતું.'

- muljibhaidadhi@gmail.com